ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આસપાસ ચોપાસ

પરંપરાગત રીતરિવાજો અને સામૂહિક ધાર્મિક આયોજનો થકી ગામની સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસાનું જતન





ગામના તાંદણ તળાવના કાંઠે આવેલું અંદાજે ૧૦૦૦ વર્ષ જૂનું ૬૪ જોગણી માતાજીનું મંદિર ભક્તોની શ્રદ્ધાનું પ્રમુખ કેન્દ્ર છે. સમગ્ર ભારતમાં જૂજ સ્થળોએ જોવા મળતાં ૬૪ જોગણી માતાજીનાં સ્થાનકોમાં આ મંદિરનું વિશેષ મહત્ત્વ છે. લોકવાયકા મુજબ, પાંડવોએ અહીં રોકાણ દરમિયાન માતાજીની આરાધના કરી હતી અને સહદેવ જોશીને એકના અનેક થવાનું વરદાન પ્રાપ્ત થયું હતું. મંદિર ખાતે ઉઘરસ, ઓરી-અછબડા જેવી બીમારીઓમાંથી મુક્તિ માટે ભક્તો માનતા રાખે છે. ખાસ કરીને શીતળા સાતમ તેમજ મંગળવાર અને રવિવારે શ્રદ્ધાળુઓ ઠંડું ભોજન અર્પણ કરી માનતા પૂર્ણ કરે છે. આ ઉપરાંત સ્વામિનારાયણ ભગવાન ગઢડાથી વડતાલ જતા-આવતા સમયે તાંદણ તળાવમાં સ્નાન કરી માતાજીની આરાધના કરીને વિજય ભવના આશીર્વાદ લેતા હોવાના સ્થાનિક ઐતિહાસિક ઉલ્લેખો પણ મળે છે. ગામમાં આવેલું ભાથીજી મહારાજનું મંદિર પણ લોકઆસ્થાનું મોટું કેન્દ્ર છે. આમ, પૌરાણિક લોકવાયકા, ઐતિહાસિક માન્યતાઓ અને વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરાઓને કારણે જોળ ગામનો આધ્યાત્મિક વારસો આજે પણ જીવંત રહ્યો છે. જોળ ગામ ધાર્મિક આસ્થા, પરંપરા અને





સંસ્કારોની આગવી ઓળખ પણ ઘરાવે છે. ગામમાં આવેલાં પૌરાણિક ધાર્મિક સ્થાનો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનાં કેન્દ્રો બનવાની સાથે ગામના સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મંદિરો સાથે જોડાયેલી પરંપરાઓ, ધાર્મિક માન્યતાઓ અને પેઢી દર પેઢી ચાલી આવતી રીતરિવાજો ગામના સામૂહિક જીવનને વિશેષ ઓળખ આપે છે.

ગામનાં ધાર્મિક સ્થળોએ યોજાતાં પૂજા-અર્ચના, આરતી, ભજન-કીર્તન, સત્સંગ અને ધાર્મિક કથાનાં આયોજનો ભક્તિમય વાતાવરણનું નિર્માણ કરે છે. ખાસ કરીને તહેવારો અને પર્વપ્રસંગોએ મંદિરોમાં વિશેષ શણગાર, ધાર્મિક વિધિઓ અને સામૂહિક કાર્યક્રમો યોજાતાં હોય છે. આવા પ્રસંગો દરમિયાન ગ્રામજનો એકત્રિત થઈ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણીમાં સહભાગી બને છે. પરિણામે ધાર્મિક આયોજનો માત્ર પૂજા-અર્ચના પૂરતાં મર્યાદિત ન રહેતાં સામાજિક એકતા અને ભાઈચારાને પણ મજબૂત બનાવે છે.ગામની ધાર્મિક પરંપરાઓને જાળવી રાખવામાં વડીલોની સાથે યુવા પેઢીનો સહયોગ પણ મહત્ત્વનો છે. ધાર્મિક ઉત્સવોનું આયોજન, સેવા-પ્રવૃત્તિઓ, પ્રસાદ વિતરણ અને ભક્તજનોની વ્યવસ્થામાં યુવાનો ઉત્સાહપૂર્વક જોડાય છે. આ માધ્યમથી નવી પેઢીને સંસ્કાર, સેવા, સહકાર અને સામૂહિક જવાબદારીનું મહત્ત્વ સમજવા મળે છે.આસ્થા સાથે સંસ્કૃતિના વારસાનું જતન ધાર્મિક સ્થળો ગામની ઓળખ અને પરંપરાના પ્રતીક સમાન છે. આવા સ્થળોનું જતન, સ્વચ્છતા અને ધાર્મિક પરંપરાઓનું સંવર્ધન કરવું એ સામૂહિક જવાબદારી છે. આમ, શ્રદ્ધા, ભક્તિ અને સામાજિક એકતાના ત્રિવેણી સંગમ સમાન ધાર્મિક પરંપરાઓ જોળ ગામના સાંસ્કૃતિક જીવનને આગવી ઓળખ આપે છે.



(તસ્વીર અને માહિતી સંકલન : રિતેશ દવે)

જોળમાં શિક્ષણની ચારજ્યોત પ્રજ્વલિત, જીવન કૌશલ્ય અને ટેકનોલોજીથી બાળકોનું ઘડતર






જોળ ગામ શિક્ષણ ક્ષેત્રે પણ પંથકમાં અનુકરણીય કામગીરી કરી રહ્યું છે. ગામના મુખ્ય વિસ્તાર સહિત પરા વિસ્તારોમાં કુલ ચાર સરકારી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે, જ્યાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે આધુનિક સુવિધાઓ અને જીવનમાં ઉપયોગી થાય તેવું વ્યવહારુ જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮માં ૯ શિક્ષકો અને ૧૦ ઓરડાઓની સુવિધા સાથે ૨૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ૧૨૦ કુમાર અને ૧૨૦ કન્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે કૃષ્ણાનગર પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૫માં બે શિક્ષકો દ્વારા ૪૭ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે.

જોળના પરા વિસ્તારમાં આવેલી મધુપુરા પ્રાથમિક શાળા વર્ષ ૧૯૮૧થી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરી રહી છે. અહીં ધોરણ ૧થી ૮માં ૬ શિક્ષકો અને ૬ ઓરડાઓની સુવિધા સાથે ૧૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળાની વિશેષતા દર શનિવારે યોજાતો ‘બેગલેસ ડે’ છે. આ દિવસે વિદ્યાર્થીઓ દફ્તર વગર શાળાએ આવે છે અને માટીકામ, કાગળકામ, બાગકામ તથા ચિત્રકામ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરે છે. એટલું જ નહીં, કપડાં પર ઇસ્ત્રી કરવી, સાયકલનું પંચર બનાવવું તેમજ ખેતરની મુલાકાત દ્વારા ખેતી અંગેનું પ્રાથમિક જ્ઞાન મેળવવા જેવી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. પરિણામે બાળકોમાં આત્મનિર્ભરતા, સર્જનાત્મકતા અને વ્યવહારુ કૌશલ્યોનો વિકાસ થાય છે.

બીજી તરફ, ખોડિયાર નગર પ્રાથમિક શાળા આધુનિક શિક્ષણ પદ્ધતિનું ઉત્તમ ઉદાહરણ બની છે. અહીં ધોરણ ૧થી ૮માં ૬ શિક્ષકો અને ૬ ઓરડાઓ સાથે ૧૭૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ૯૫ કુમાર અને ૭૫ કન્યાઓ છે. શાળામાં વાઈફાઈ અને સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ સાથે સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શિક્ષણ આપીને અભ્યાસને વધુ રસપ્રદ અને સરળ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

આ ઉપરાંત ચારેય સરકારી શાળાઓમાં પાકા રસ્તા, કમ્પાઉન્ડ વોલ, શુદ્ધ પીવાનું પાણી, કુમાર-કન્યાઓ માટે અલગ શૌચાલય અને મધ્યાહન ભોજન જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. આમ, પરંપરાગત શિક્ષણની સાથે જીવનલક્ષી પ્રવૃત્તિઓ અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય સાધીને જોળ ગામની સરકારી શાળાઓ ગ્રામ્ય શિક્ષણ માટે પ્રેરણારૂપ બની રહી છે.



પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિની કરોડરજ્જુ સમાન દુધ મંડળી



જોળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. (કોડ નં. ૩૨) ની સ્થાપના ૧૦ સપ્ટેમ્બર ૧૯૫૧ ના રોજ થઈ હતી. અમૂલ (ખેડા જિલ્લા દૂધ સંઘ) સાથે જોડાયેલી આ મંડળીએ વર્ષ ૨૦૨૫-૨૬ માં પોતાનો ૭૪મો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો છે. ચેરમેન શ્રી ઘનજીભાઈ છોટાભાઈ પરમાર, વાઇસ ચેરમેન શ્રી સતીષભાઈ પુનમભાઈ પટેલ અને સેક્રેટરી શ્રી ધર્મિનકુમાર શનાભાઈ વાઘેલાના નેતૃત્વમાં કાર્યરત આ મંડળીમાં હાલ ૧,૦૨૯ સભાસદો જોડાયેલા છે. ગામમાં ૨,૪૮૨ થી વધુ પશુધન છે, જેમાં ૧,૭૩૮ ભેંસ અને ૫૭૮ ગાયો મુખ્ય છે. પશુપાલકો દ્વારા બંને ટંક મળીને દૈનિક સરેરાશ ૩,૫૦૦ લિટર દૂધ મંડળીમાં જમા કરાવવામાં આવે છે, જેના વ્યવસ્થાપન માટે મંડળી પોતાનું બલ્ક મિલ્ક કૂલિંગ (BMC) યુનિટ ધરાવે છે. ડેરી વ્યવસાયમાં ઉત્કૃષ્ટ ક્વોલિટી મેનેજમેન્ટ બદલ આ મંડળી ISO 9001:2015 પ્રમાણિત છે અને વર્ષ ૨૦૨૫-૨૬ માં અમૂલ સંઘ દ્વારા તેને ISO ગુણવત્તા અંતર્ગત ‘એ’ ગ્રેડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. વાર્ષિક હિસાબો મુજબ મંડળીએ વર્ષ દરમિયાન ભેંસના દૂધની ખરીદી પેટે રૂ. ૩,૪૫,૩૯,૩૧૬.૫૬ અને ગાયના દૂધની ખરીદી પેટે રૂ. ૨,૪૦,૯૨,૪૨૦.૫૫ મળી કુલ રૂ. ૫.૮૬ કરોડથી વધુ રકમ પશુપાલકોને ચૂકવી છે. આ સાથે રૂ. ૭૪.૯૯ લાખથી વધુનું પશુદાણ વેચાણ કરીને તમામ ખર્ચ બાદ કરતાં રૂ. ૪,૧૮,૩૯૧.૨૨ નો ચોખ્ખો પાકો નફો નોંધાવ્યો છે. પશુઓની સારવાર માટે વેટરનરી સેવાઓ અને પશુપાલક પરિવારો માટે ત્રિભુવનદાસ ફાઉન્ડેશનનું આરોગ્ય કેન્દ્ર ગામમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. દુધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન તરીકે હાલમાં ઘનજીભાઈ છોટાભાઈ પરમાર અને વાઇસ ચેરમેન તરીકે સતિષભાઈ પુનમભાઈ પટેલ જવાબદારી સંભાળે છે. જ્યારે કમિટી સભ્યો તરીકે ભરતભાઈ રાવજીભાઈ વાઘેલા, ભરતભાઈ હરમાનભાઈ પરમાર, ભરતભાઈ રાવજીભાઈ પરમાર, કિરીટભાઈ ભીખાભાઈ પટેલ અને રતિલાલ પરસોત્તમભાઈ પટેલ કાર્યરત છે. સ્થાનિક ઓડીટર તરીકે ધર્મેશભાઈ રાવજીભાઈ પટેલ અને સેક્રેટરી તરીકે ધર્મીનભાઈ શનાભાઈ વાઘેલા નિયુક્ત છે.

જનપ્રતિનિધિઓના જનહીતલક્ષી આયોજન હેઠળના વિકાસકાર્યો થકી જોળ ગામ સુવિધાસભર

કરમસદ અને વડતાલના સુવર્ણ ઈતિહાસની છત્રછાયામાં વિકસેલું જોળ ગામ આજે પાયાની સુવિધાઓ અને આધુનિક માળખાકીય વિકાસના ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. ગામના જનપ્રતિનિધિઓના આયોજન, વિકાસલક્ષી અભિગમ અને સ્થાનિક જરૂરિયાતોને પ્રાધાન્ય આપવાના પ્રયાસોથી જોળ ઉપરાંત રાવણાપુરા, અજુપુરા અને સદનાપુરા જેવા પરા વિસ્તારોમાં પણ સુવિધાઓનો વ્યાપ વધ્યો છે. ગામ પંચાયતનું સુસજ્જ સ્વતંત્ર મકાન અને ઈ-ગ્રામની ડિજિટલ સેવાઓ ગ્રામવહીવટને સરળ બનાવી રહી છે.

જોળ ગામની વિશેષતા તેનું સુવ્યવસ્થિત પાકા રસ્તાઓનું નેટવર્ક છે. ગામના તમામ આંતરિક માર્ગો સીસી રોડથી સજ્જ છે, જ્યારે ખેતરો અને સીમ વિસ્તારને જોડતા રસ્તાઓ પણ પાકા બનાવવામાં આવ્યા છે. પરિણામે ચોમાસાની ઋતુમાં પણ ખેડૂતોને ખેતપેદાશોના પરિવહનમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. પીવાના પાણીની સુવિધા અંતર્ગત ૨,૨૮૩ ઘરોમાં નળ જોડાણ મારફતે ત્રણ મોટી ઓવરહેડ ટાંકીઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત તમામ ૨,૨૮૩ ઘરોને પાકી બંધ ગટરલાઈન સાથે જોડવામાં આવ્યાં છે, જ્યારે ૧,૪૯૨ ઘરોમાં વ્યક્તિગત શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. સ્વચ્છતા જાળવવા માટે નિયત ડમ્પિંગ સાઇટ અને નિયમિત શેરી સફાઈની વ્યવસ્થા છે. રહેણાંક વિસ્તારોમાં ૨૪ કલાક થ્રી-ફેઝ વીજળી, ૧૧૯ ખેતીવાડી વીજ જોડાણો અને તમામ માર્ગો પર સ્ટ્રીટ લાઇટની સુવિધા ઉપલબ્ધ છે. પરિવહન ક્ષેત્રે દિવસ દરમિયાન એસ.ટી. બસની આશરે ૧૫ ટ્રીપ ઉપરાંત ખાનગી વાહનોની સુવિધા છે. વડતાલ રેલવે સ્ટેશન માત્ર બે કિલોમીટરના અંતરે હોવાથી રેલવે પરિવહનની પણ અનુકૂળતા મળી રહે છે. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ, રમતગમતનું મેદાન, પોસ્ટ ઓફિસ, બેંક એટીએમ અને કૃષિ સહકારી મંડળી જેવી સુવિધાઓ ગામના સામાજિક અને આર્થિક જીવનને વેગ આપે છે. ખાસ કરીને મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે કાર્યરત ૧૩ સખી મંડળો ગ્રામવિકાસમાં મહિલાઓની ભાગીદારી દર્શાવે છે. આમ, જનપ્રતિનિધિઓના વિકાસલક્ષી પ્રયાસો અને ગ્રામજનોના સહયોગથી જોળ ગામ સુવિધાસભર ગ્રામવિકાસનું ઉદાહરણ બની રહ્યું છે.



પાકા સીસી રોડ, ઘરેઘરે નળથી શુદ્ધ પાણી અને ભૂગર્ભ ગટર સહિતની પાયાની સુવિધાઓથી ગામનો વિકાસ; ૧૩ સખી મંડળો દ્વારા મહિલા સશક્તિકરણને પણ પ્રોત્સાહન